
# આત્મધર્મ

માસિક : વર્ષ-૪ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૦૯



જગતનો કોઈ પદાર્થ વચ્ચે આવીને જીવની ક્રમબદ્ધપર્યાયને ફેરવી નાંખે એમ ત્રણકાળમાં બનતું નથી; જીવ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો થકો જીવ જ છે; એ જ પ્રમાણે અજીવ પણ તેની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતું થકું અજીવ જ છે. જે જીવ આવો નિર્ણય અને ભેદજ્ઞાન નથી કરતો તે જીવ અજ્ઞાનપણે ભ્રાંતિમાં ભ્રમણ કરી રહ્યો છે.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✍ અહો દેખો! અનેક મુનિગણોંને સંસારસે ભયભીત હોકર પ્રબલ (તીવ્ર) તપાદિકસે ઉદયમેં લાકર સમસ્ત કર્મોંકો શીઘ્ર હી નષ્ટ કર દિયા. વે કર્મ યદિ ઉપસર્ગાદિકે નિમિત્તસે અપની સ્થિતિ પૂરી કરકે સ્વયં ઉદયમેં આયે હૈં તો અમૂલ્ય મોક્ષસુખકી સિદ્ધિકે લિયે ઉદ્યમ કરનેવાલે ધીર પુરુષોંકો મનોભિલાષાપૂર્વક ક્યા ઉપસર્ગાદિ નહિ સહને ચાહિયે? અર્થાત્ અવશ્ય હી સહને ચાહિયે. ક્યોંકિ જિન કર્મોંકો તીવ્ર તપ કરકે નષ્ટ કરના હૈ વે સ્વયં સ્થિતિ પૂર્ણ કરકે ઉદયમેં આયે હૈં તો ઉનકા ફલ સહ લેનેસે સહજહીમેં ઉનકી નિર્જરા હો જાતી હૈ—સો યહ તો ઉત્તમ લાભ હૈ. સો હર્ષપૂર્વક સહના ચાહિયે. તભી મોક્ષસિદ્ધિકા ઉદ્યમ સફલ હો સકતા હૈ. ૧૧૪૦.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, વર્ગ-૧૯, શ્લોક-૪૭)*

✍ સાધુઓંકે લિયે જો કર્મ સંસારકા બઢાનેવાલા હૈ ઉસે શીઘ્ર ઉદયમેં લાકર છેદના ઉચિત હૈ તબ ફિર અપને આપ હી ઉદયમેં આયે હુએ ઈસ કર્મકો નાશ કરનેમેં ક્યા પરિશ્રમ હૈ? યા ક્યા કઠિનતા હૈ? બલવાન વિજયકો ચાહનેવાલા પુરુષ જાકરકે જિસ શત્રુકો બલપૂર્વક મારતા હૈ યહ શત્રુ અપને આપ હી ઘરમેં આ ગયા તબ બુદ્ધિમાન વિના મારે નહીં છોડતે. ૧૧૪૧.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૯૧)*

✍ અબ સંસારકો છેદ કરનેવાલી ઉસ બોધિકો પાકર બુદ્ધિમાનકો એક ક્ષણમાત્ર ભી પ્રમાદ કરના ઉચિત નહીં હૈ. ૧૧૪૨.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૯૮)*

✍ આ સંસારમાં જેમ પાષાણને આધાર હોય તો ત્યાં ઘણો કાળ રહે છે પણ નિરાધાર આકાશમાં તો કદાચિત્ કિંચિત્માત્ર કાળ જ રહે છે, તેમ આ જીવ એકેન્દ્રિય પર્યાયમાં તો ઘણો કાળ રહે છે, પણ અન્ય પર્યાયમાં તો કદાચિત્ કિંચિત્માત્ર કાળ રહે છે. ૧૧૪૩.

*(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ-૩, પાનું-૬૮)*

વર્ષ-૪
અંક-૪




સંવત
૨૦૬૫
December
A.D. 2009

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# જૈનદર્શનનો પ્રાણ

[શ્રી સમયસાર, ગાથા-૧૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(ગતાંકથી ચાલુ)

આજે અષાઢ વદ એકમ છે. સનાતન જૈનધર્મમાં વદ ૧ એટલે બેસતો મહિનો. પૂર્ણિમા એટલે પૂર્ણ માસ, ત્યારે મહિનો પૂરો થાય છે અને અમાસ એટલે અર્ધ માસ. ત્રિકાળ નિયમ પ્રમાણે આજે બેસતો મહિનો છે.

આજે મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ પ્રથમવાર છૂટવાનો દિવસ છે. તેમને વૈશાખ સુદ દસમે કેવળજ્ઞાન પ્રગટ્યું હતું. તે વખતે ઈન્દ્રોએ સમવસરણની અદ્ભુત રચના કરેલી કે જેને ધર્મસભા કહેવાય છે. ત્યાં એકી સાથે લાખો દેવ-દેવીઓ, મનુષ્યો, તિર્યંચો ધર્મ સાંભળવા આવે છે. આવી ધર્મસભાની રચના તો થઈ પણ (કેવળજ્ઞાન થયા પછી) છાંસઠ દિવસ સુધી ભગવાનની વાણી ન છૂટી. ભગવાનને મુખથી વાણી ન છૂટે. તેમના હોઠ બંધ હોય છે અને સર્વ પ્રદેશોમાંથી ઓમ......એમ એકાક્ષરી દિવ્યધ્વનિ છૂટે છે. તેનો એવો અતિશય હોય છે કે તેને સાંભળનારા પોતપોતાની ભાષામાં પોતાની યોગ્યતા મુજબ સમજી જાય છે. દિવ્યધ્વનિનો મહાનયોગ તીર્થંકર ભગવાનને તેરમા ગુણસ્થાનની ભૂમિકામાં સહજ હોય છે. ત્રણકાળ-ત્રણલોકના સર્વ પદાર્થોને એક સાથે એક સમયમાં જાણ્યા કરે તેવું અખંડ જ્ઞાન તેમને વર્તતું હોય છે.

અખંડ સ્વભાવના બહુમાન પછી 'હું પૂર્ણ થાઉં અને બીજા ધર્મ પામે' એવા શુભરાગમાં તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. તીર્થંકર થવા પહેલાના ત્રીજે ભવે તે બંધાય છે.

મહાવીર પ્રભુને કેવળજ્ઞાન દશા પ્રગટી હતી પણ છાંસઠ દિવસ સુધી ધ્વનિ ન છૂટી. તેનું કારણ એ હતું કે તે વખતે સભામાં ભગવાનની વાણી ઝીલી શકે એવો

કોઈ મહાન પાત્ર જીવ હાજર ન હતો. ધર્મસભામાં હાજર રહેલા ઈન્દ્રે વિચાર્યું તો માલુમ પડ્યું કે ભગવાનની વાણી ઝીલી શકે એવો સર્વોત્કૃષ્ટ પાત્ર જીવ આ સભામાં હાજર નથી. આવો પાત્ર જીવ ઈન્દ્રભૂતિ છે એમ તેણે પોતાના અવધિજ્ઞાનથી નક્કી કર્યું. તેથી તેઓ નાના બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ઈન્દ્રભૂતિ(-ગૌતમ) પાસે ગયા. તેમનામાં તીર્થંકર ભગવાનના વજીર થવાની એટલે કે ગણધરની પદવીની યોગ્યતા હતી, પણ તે વખતે યથાર્થ ભાન ન હતું. હજારો શિષ્યોની વચ્ચે તેઓ યજ્ઞ કરતા હતા. ત્યાં બ્રાહ્મણના વેશમાં જઈ ઈન્દ્રે કહ્યું કે 'તમારે વાદ કરવો હોય તો મહાવીર પ્રભુ પાસે ચાલો.' આ સાંભળી ઈન્દ્રભૂતિ મહાવીર પ્રભુ પાસે જવા નીકળ્યા. માનસ્થંભ પાસે પહોંચતાં જ તેમનું માન ગળી ગયું. તે માનસ્તંભ ઓળંગીને જ્યાં ધર્મસભામાં દાખલ થયા કે તરત જ ભગવાનની વાણી છૂટી. તેમને આત્મભાન થયું, નિર્ગ્રંથ મુનિપદ પ્રગટ્યું, ગણધરની પદવી મળી અને તે સાથે મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. ગણધરપદ મળ્યા પછી તેમણે આજની જ મિતિએ રાત્રિના આગલા પાછલા બે પહોરના એક એક અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરી. તે સત્‌શ્રુતની રચનાનો અને મહાવીરની દિવ્યધ્વનિ પ્રથમવાર છૂટ્યાનો દિવસ આજનો જ છે. જીવ ઉત્કૃષ્ટ ધર્મ સમજવાને પાત્ર થાય ત્યારે તેના નિમિત્તરૂપે વાણી મળ્યા વિના રહે નહીં. ઝાડ ઊગવાના હોય ત્યારે વરસાદ ન પડે એવું બને નહીં.

આ વાત કોઈને ન બેસે, ન માનવામાં આવે તેથી અસત્ય ન થઈ જાય. 'આ વાત આમ જ છે' એમ ન્યાયથી, યુક્તિથી, આગમથી વગેરે બધા પ્રમાણથી નક્કી થઈ શકે છે.

આત્માના અખંડ સ્વભાવને લક્ષમાં લેવો તે જ પ્રથમ ધર્મ છે. તેના વિના જીવ બીજું બધું અનંતવાર કરી ચૂક્યો છે. એક સેકંડમાં કરોડો રૂપિયા પેદા કરે તેવો રાજા પણ પૂર્વે અનંતવાર થયો છે, તે કાંઈ અપૂર્વ નથી; પણ ચિદાનંદ આત્માની યથાર્થ ઓળખાણ કરવી તે જ અપૂર્વ છે.

'શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે.' વ્યવહારનયને અભૂતાર્થ અને પરમાર્થને ભૂતાર્થ કહ્યો તેમાં બધા પર્યાયરૂપ ભેદનો નકાર કર્યો છે. બંધ અને મોક્ષ એવા પર્યાયના ભેદ તેમ જ દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ ક્ષણિક છે; અખંડ એકરૂપ ત્રિકાળી ધ્રુવપણે ટકનાર નથી. તેથી અખંડ જ્ઞાયક સ્વભાવની

દૃષ્ટિથી જોતાં નિર્મળ પર્યાય અભેદ સ્વભાવમાં દેખાતી નથી. પરમાર્થમાં જુદા જુદા ભેદ દેખાતા નથી અને ક્ષણિક રાગનો ભાગ પણ દેખાતો નથી. વ્યવહારનય અભૂતાર્થ છે, પણ સર્વથા અભાવરૂપ નથી.

'હું જ્ઞાન છું' એવો વિચાર આવે, ભેદ પડે તે રાગનો ભાગ છે. કર્મના સંબંધનો આ વિકારી ભાવ વર્તમાન અવસ્થા પૂરતો ક્ષણિક છે. તે ભેદદૃષ્ટિનો વિષય એટલે કે વ્યવહાર–ક્ષણિક છે, ત્રિકાળ વિદ્યમાન નથી.

શબ્દ, રૂપ, રસ, ગંધ, નિંદા, પ્રશંસા વગેરે કોઈપણ પર પદાર્થ તરફ લક્ષ કરી, તેમાં ઠીક-અઠીકની વૃત્તિ કરવી તે પરવિષય છે અને આત્માના સ્વભાવ તરફ લક્ષ કરી, વિકલ્પ-ભેદ રહિત ત્રિકાળી અખંડ જ્ઞાનાનંદ આત્માને માની તેમાં જ ઠરવું તે સ્વવિષય છે. તે સ્વવિષય જ ભૂતાર્થદૃષ્ટિ એટલે કે ત્રિકાળ ટકનાર ધ્રુવની સાચી દૃષ્ટિ છે.

અજ્ઞાનભાવ અને પુણ્ય-પાપના ભાવ આત્માનો સ્વભાવ નથી એમ જાણી શ્રદ્ધામાંથી પ્રથમ છોડવા જેવા છે જ પણ અંતરમાં ઠરવા પહેલાં જે શુભ વિકલ્પ થાય તે પણ છોડવા જેવા છે. આત્માના અખંડ સ્વભાવમાં ભેદ પાડવો તે પણ અભૂતાર્થ છે, મલિન ભાવ છે, તેથી તે આદરણીય નથી. આત્માનો ત્રિકાળ એકરૂપ નિર્મળ જ્ઞાયકસ્વભાવ છે તે ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે અને તેથી આદરવાયોગ્ય છે.

બંધ અને મોક્ષ તો અવસ્થાદૃષ્ટિથી છે. તેમાં પરનિમિત્તના—સંયોગના—હોવા કે ન હોવાની અપેક્ષા આવે છે. તેના લક્ષે રાગ થઈ આવે છે, એ વિકારપણે હું નથી. હું તો અનાદિ-અનંત, ધ્રુવ, અખંડ, નિર્મળ સ્વભાવપણે છું. આવી દૃષ્ટિ તે શુદ્ધનય છે અને તે દ્વારા પૂર્ણ અભેદ આત્માની શ્રદ્ધા થાય છે. આવી દૃષ્ટિ ગૃહસ્થદશામાં પ્રગટ કરી શકાય છે.

પ્રથમ વ્યવહારની ક્રિયા જોઈએ એમ ભેદની કડાકૂટમાં લોકો ધર્મ માની રોકાઈ જાય છે, તેથી અંતરનો પરમાર્થ દૂર રહી જાય છે. આત્મા તો પરના કર્તા–ભોક્તાપણા વિનાનો અરૂપી આનંદઘન ભગવાન છે. તે સદાય જાણનાર સ્વરૂપે છે પણ પરમાં ઠીક-અઠીક કરવાપણે નથી. આત્મામાં શું ભાવ વર્તે છે તે જોવાની દરકાર નથી, તેથી અજ્ઞાની બહારથી નક્કી કરે છે. ધર્મના બહાને 'ધર્મ કરું છું' એમ અનાદિથી અભિમાન કર્યું છે પણ આત્માનો પૂર્ણ સ્વાધીન સ્વભાવ છે એવું જાણપણું આત્માએ અનંતકાળમાં કર્યું નથી. જો કર્યું હોય તો પૂર્ણ પવિત્ર સ્વભાવની પ્રાપ્તિ થયા વગર રહે નહીં. અખંડ પૂર્ણ સ્વભાવનું યથાર્થ લક્ષ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે.

જેમ બીજ કે જે આખા ચંદ્રનો કટકો છે તે ત્રણ પ્રકાર બતાવે છે :—(૧) બીજ આખા ચંદ્રને બતાવે છે, (૨) બીજ બીજને બતાવે છે એટલે કે કેટલી નિર્મળતા છે તે બતાવે છે અને (૩) આવરણ કેટલું બાકી છે તે પણ બતાવે છે. તેમ આત્મભાન થતાં સમ્યગ્જ્ઞાનકળારૂપ બીજ [૧] હું પૂર્ણ નિર્મળ પરમાત્મા જેવડો જ છું એમ આખા ધ્રુવ સ્વભાવને બતાવે (-જાણે) છે, [૨] સમ્યગ્દર્શનરૂપ શ્રદ્ધાની તાકાત અને સમ્યગ્જ્ઞાનરૂપ સ્વ-પરની જુદાઈને બતાવે (-જાણે) છે અને [૩] આવરણ તથા વિકારભાવ કેટલો છે તે પણ બતાવે (-જાણે) છે.

વ્યવહારમાં ભેદનો આશ્રય હોવાથી રાગ ઊપજે છે અને તેના ફળરૂપે સંસારમાં જન્મ-મરણ થાય છે પણ (ભેદના અવલંબને) અખંડ જ્ઞાનાનંદમય આત્માની પૂર્ણ પવિત્ર દશા કે જે આત્મસ્વરૂપ મોક્ષ છે તે પ્રગટે નહીં. માટે વ્યવહારના બધા ભેદ અભૂતાર્થ છે. રાગ અસદ્‌ભૂત વ્યવહારનો વિષય છે, જ્યારે દર્શન–જ્ઞાન–ચારિત્રની અધૂરી પર્યાય સદ્‌ભૂત વ્યવહારનો વિષય છે. મોક્ષ પણ પર્યાય છે, તેનું લક્ષ કરવાથી વિકલ્પ ઊપજે છે. પૂર્ણ અખંડ આત્માને જાણવા જતાં વચ્ચે શુભ વિકલ્પરૂપ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી પણ તે શુભરાગ વિકાર છે. તેનાથી આત્માને કોઈ ગુણ(-લાભ) થતો નથી માટે તે આદરવાયોગ્ય નથી. ગુણ-ગુણીના ભેદ શરુઆતમાં સમજવાના કાળે આવે ખરા પણ તે લક્ષમાં લેવા જેવા નથી એટલે કે અભેદની દૃષ્ટિમાં તે ગૌણ થઈ જાય છે. ભેદનું લક્ષ છોડી અભેદનું લક્ષ ન કરે અને માત્ર વ્યવહારમાં જ રોકાઈ રહે તો અખંડ ચિદાનંદ આત્માનું લક્ષ થઈ તેમાં જ્ઞાન ઠરતું નથી.

અનાદિથી આત્મા જાણ્યો નથી. તેને જાણવા પ્રથમ પાત્રતા માટે તત્ત્વનો વિચાર કરવા જેટલી ચિત્તશુદ્ધિ તો હોવી જ જોઈએ, પણ તે શુભભાવ આત્માએ અનંતવાર કર્યો છે, તે બધો પુણ્યભાવ છે, આત્મધર્મનો ભાવ નથી. તેથી તે છોડવા લાયક છે એમ પ્રથમથી જ જાણવું જોઈએ.

શરૂઆતમાં શુભભાવ હોય અને જ્ઞાન થયા પછી પણ નીચલી દશામાં શુભભાવ રહે છે પણ તે પરસંયોગ આધીન ક્ષણિક ભાવ છે, તેથી અભૂતાર્થ છે અને તેથી આદરવા યોગ્ય નથી. આત્માનો સ્વભાવ ત્રિકાળ એકરૂપ જ્ઞાયકપણે રહેનાર ધ્રુવ છે અને તે જ આદરવા યોગ્ય છે. (ક્રમશ:)

❀

# જ્ઞાનીની જ્ઞાન-દશાનો મહિમા

(શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૩૨)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. તેમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનો ૨૪મો શ્લોક છે. શ્રી કુંદકુંદાચાર્ય ૨૦૦૦ વર્ષ પહેલા થઈ ગયાં. તેમણે રચેલા સમયસાર ઉપર ૯૦૦ વર્ષ પેલાં થઈ ગયેલા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા અને શ્લોકોની રચના કરી છે. જેમ મંદિર ઉપર કળશ ચડે તેમ શ્રી અમૃતચંદ્રાચાર્યે સમયસારની ટીકા અને કળશ બનાવીને આખો સાર તેમાં ભરી દીધો છે.

'આત્મપદાર્થનું યથાર્થ સ્વરૂપ'

राग विरोध उदै जबलौं तबलौं,
यह जीव मृषा मग धावै।
ग्यान जग्यौ जब चेतनको तब,
कर्मदसा पर रूप कहावै।
कर्म विलेछी करै अनुभौ तहाँ,
मोह मिथ्यात प्रवेश न पावै।
मोह गये उपजे सुख केवल
सिद्ध भयौ जगमाहि न आवै॥५९॥

અર્થ : જ્યાં સુધી આ જીવને મિથ્યાજ્ઞાનનો ઉદય રહે છે ત્યાં સુધી તે રાગ-દ્વેષમાં વર્તે છે, પરંતુ જ્યારે તેને જ્ઞાનનો ઉદય થઈ જાય છે ત્યારે તે કર્મપરિણતિને પોતાનાથી ભિન્ન ગણે છે અને જ્યારે કર્મપરિણતી તથા આત્મપરિણતીનું પૃથ્થકરણ કરીને આત્મઅનુભવ કરે છે ત્યારે મિથ્યામોહનીયને સ્થાન મળતું નથી અને મોહ પૂર્ણપણે નષ્ટ થતાં કેવળજ્ઞાન તથા અનંતસુખ પ્રગટ થાય છે. જેથી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે અને પછી જન્મ-મરણરૂપ સંસારમાં આવવું પડતું નથી.

राग-विरोध उदै जबलौं... જ્યાં સુધી જીવને સ્વભાવનું અજ્ઞાન વર્તે છે ત્યાં સુધી

રાગ-દ્વેષ બંને ઉત્પન્ન થાય છે, જીવ આ રાગ-દ્વેષના જૂઠા માર્ગમાં પ્રવૃત્તિ કરે છે, જીવનું વીર્ય પણ આ જૂઠામાર્ગમાં જ કામ કરે છે, ત્યાં સુધી સંસાર છે.

ग्यान जग्यौ जब चेतनको तब.....જ્યાં સુધી અજ્ઞાનીની અજ્ઞાનમાં પ્રવૃત્તિ હતી ત્યાં સુધી સંસાર હતો. હવે જ્યાં ચેતનનું જ્ઞાન પ્રગટ થયું કે હું તો ચૈતન્ય આત્મા વિજ્ઞાનઘન છું એવી અંતરમુખદૃષ્ટિ, બહિર્મુખ દૃષ્ટિનો લોપ કરીને પ્રગટ થાય છે ત્યાં તો એ વિકારદશાને પર જાણે છે અને તેની પ્રવૃત્તિ રાગ-દ્વેષમાં થતી નથી પણ આત્મામાં તેની પ્રવૃત્તિ થવા લાગે છે. ધર્મીને રાગ-દ્વેષ થાય છે એમ કહેવાય છે પણ તે વ્યવહાર છે, ખરેખર ધર્મીને રાગ-દ્વેષ થતાં જ નથી. અરે! પણ ધર્મી લડાઈ કરે છે ને? લડાઈ કોણ કરે પ્રભુ! તને ખબર નથી. દેહની ક્રિયા અને રાગ-દ્વેષની સત્તાને ધર્મી પોતાના અસ્તિત્વમાં માનતા નથી. જેને પોતાના અસ્તિત્વમાં ન માને એવી પરસત્તામાં પ્રવેશ શી રીતે કરે!

હું એક સમયમાં શુદ્ધ પૂર્ણાનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિ થઈ તો સ્થિર-સ્વભાવ પ્રગટ થયો. એ સ્વભાવને કારણે ધર્મીને જે પેલાં રાગ-દ્વેષમાં પ્રવૃત્તિ હતી તે હવે રહેતી નથી. શુભાશુભભાવને હવે ધર્મી પરજ્ઞેય તરીકે જુએ છે. જ્ઞાનમાં એ ભાવ આવતા નથી.

કુંદકુંદાચાર્યદેવે અષ્ટપાહુડમાં એક શીલ અધિકાર લખ્યો છે. તેમાં કહે છે કે નરકમાં પણ શીલ છે; તો શીલનો અર્થ શું?–કે પોતાના જ્ઞાયકસ્વરૂપના અનુભવપૂર્વક તેમાં એકાગ્રતાની પ્રવૃત્તિ થવી તે શીલ છે. તેમ અહીં પણ કહે છે કે પોતાના શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો તેને શુભાશુભભાવ તો પરરૂપ લાગે છે, પોતારૂપ લાગતા નથી. એક પોતાનો શીલસ્વભાવી આત્મા જ પોતાનો લાગે છે.

એક સમયમાં જેમને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન થાય છે એવા સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિ સાંભળીને ગણધરદેવ અર્થ વિચારે છે અને તે અનુસાર શાસ્ત્રોની રચના કરે છે. તે શાસ્ત્રમાં એમ કહ્યું છે કે જ્યાં સુધી તને રાગ અને શુભ પરિણામની રુચિ છે ત્યાં સુધી તારી પ્રવૃત્તિ અશીલમાં એટલે કે વિકારભાવમાં છે. આ બધા સર્વજ્ઞે કહેલા માલ છે, સંતો તો આડતિયા થઈને સર્વજ્ઞની વાણી સંભળાવે છે.

તીર્થંકરગોત્ર બાંધ્યા પછી પણ સમકિતી કદાચિત્ ત્રીજી નરકમાં જાય છે, તો ત્યાં પણ રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન આત્માનો અનુભવ સમકિતીને થાય છે. સ્વભાવની દૃષ્ટિપૂર્વક રાગનો અભાવ થવો તેનું નામ જ શીલ છે. શીલનો અર્થ અહીં

બ્રહ્મચર્ય નહીં પણ સ્વભાવનો અનુભવ તે શીલ છે. શરીરથી અને રાગની ક્રિયાથી બ્રહ્મચર્ય તો જીવે ઘણીવાર પાળ્યું, પણ તે શીલ નથી. પૂર્ણાનંદપ્રભુનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને રાગનો અભાવ તેનું નામ જ્ઞાન-વૈરાગ્યશક્તિ છે. અનંતાનુબંધીના અભાવ જેટલો વૈરાગ્ય સમ્યગ્દૃષ્ટિને હોય છે.

સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન-વૈરાગ્યશક્તિ હોય છે. નરકમાં પણ આત્મા છે ને! માટે સમકિતી આત્માને નરકમાં પણ જ્ઞાન-વૈરાગ્યનું પરિણમન હોય છે. પૂર્ણ શુદ્ધ સત્તાની દૃષ્ટિવાળાને અપૂર્ણ શુદ્ધ અને વિકાર ઉપર દૃષ્ટિ હોતી જ નથી. પર્યાયમાં વિકલ્પ આદિ થાય છે તેને પરજ્ઞેય તરીકે જાણે છે. અજ્ઞાનદશામાં જ્ઞેયને પોતાના માનીને ભ્રષ્ટ થતો હતો તે જ જીવ હવે જ્ઞાનસ્વભાવની દૃષ્ટિવડે જ્ઞાનને જ્ઞાનરૂપ અને જ્ઞેયને જ્ઞેયરૂપ ભિન્ન જાણે છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પ ઉઠે છે તેને પણ પરજ્ઞેય તરીકે જાણે છે.

નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત અને ક્રમબદ્ધ આ પાંચ વિષયમાં બહુ ગડબડ ચાલે છે. ક્રમબદ્ધમાં એકાંત છે એમ કહે છે. પણ ભાઈ! પ્રત્યેક દ્રવ્યમાં પરિણામની ધારા અખંડ ધારાવાહી ચાલે છે. તેમાં ક્યાંય વિસામો નથી, ક્યાંય ખંડ નથી. કાંઈ ફેરફાર નથી. પણ આવા ધારાવાહી પ્રવાહનો નિશ્ચય કોને થાય કે જેની દૃષ્ટિ પર્યાય અને રાગની રુચિ છોડીને ચિદાનંદ ભગવાનમાં સ્થિર થઈ છે તે જીવ ચાલતા પ્રવાહનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે.

શ્રોતા :—આપ 'ક્રમબદ્ધપર્યાય' કહો છો તેનો અમને વિશ્વાસ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એમ કોઈના કહેવાથી વિશ્વાસ આવે તેને વિશ્વાસ ન કહેવાય. ક્રમબદ્ધમાં નિમિત્તથી કે રાગથી કે પ્રગટ પર્યાયના આશ્રયથી દ્રવ્યદૃષ્ટિ થતી નથી. દ્રવ્યસ્વભાવ જે અખંડ આનંદ છે તેની દૃષ્ટિ થતાં જ્ઞાયકનું અને જ્ઞેયનું યથાર્થ જ્ઞાન થાય છે. તે સમયે તે જ જ્ઞાન અને રાગ ઉત્પન્ન થવાયોગ્ય હતો તે જ થાય છે. 'જ્ઞાન-જ્ઞેય સ્વભાવ' પુસ્તક છપાયું છે તેમાં આ બધુ આવી ગયું છે.

વીતરાગ કહે છે કે આત્મા વીતરાગસ્વરૂપ છે. તેની શક્તિ અને સ્વભાવ વીતરાગમૂર્તિ છે તો તેના આશ્રયથી વીતરાગી પર્યાય પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપાચરણચારિત્ર એ બધી વીતરાગીદશા છે. સર્વજ્ઞદેવે આત્માને જેવો છે તેવો જાણ્યો છે એવો આત્મા જણાય તો એ જ્ઞાન સાચું છે. અજ્ઞાની કહે છે તેવો આત્મા નથી.

પ્રભુ! તુમ જાણગ રીતિ સહુ જગ દેખતાં હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ....

હે નાથ! હે સર્વજ્ઞ પરમાત્મા! આપ ત્રણકાળ ત્રણલોકને દેખો છો તેમાં બધા આત્માની સત્તાને આપ શુદ્ધ છે એમ દેખો છો. આપના જ્ઞાનમાં અનંત આત્માઓ શુદ્ધસ્વરૂપ છે એમ જણાય છે. આત્માને આપ આસ્રવવાળો કે કર્મવાળો જોતાં નથી. શુદ્ધ સત્તા રાખનારો આત્મા તે જ આત્મા છે. પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વમાં જાય છે અને શરીર તથા કર્મ અજીવ તત્ત્વમાં જાય છે. શુદ્ધ ચૈતન્યસત્તા તે જ આત્મા છે—એમ ભગવાને જોયું છે અને જાણ્યું છે.

અહો! ચૈતન્યમૂર્તિ-શુદ્ધ સત્તા શરીર અને કર્મથી તો ભિન્ન છે જ પણ અશુદ્ધ પરિણામથી પણ ભિન્ન શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે—એમ જ્યાં જ્ઞાનમાં જાણ્યું ત્યાં અશુદ્ધતાના પરિણામ પરજ્ઞેય તરીકે જણાય છે. આહાહા....!

દુનિયાને એમ થાય છે કે આ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી શું કરવું? શુભભાવ કરવા ને! અરે, શુભભાવ તો જ્ઞાની, અજ્ઞાની બધાને આવે જ છે પણ તેને હેય માનીને ચૈતન્યને ઉપાદેય કરવો, આદર કરવો, અનુભવ કરવો એ કરવાનું છે.

कर्म विलेछि करै अनुभौ तहां.....જ્યાં સુધી આત્માને મલિનપણે અનુભવતો હતો ત્યાં સુધી તે જીવ મિથ્યાદૃષ્ટિ હતો. જ્યાં રાગથી, કર્મથી અને શરીરથી ભિન્ન ચૈતન્યનું જ્ઞાન થયું, અનુભવ થયો ત્યાં તે રાગાદિ સર્વને પરજ્ઞેય તરીકે જાણે છે. જ્યાં સુધી જ્ઞેય જ્ઞેયપણે અને જ્ઞાન જ્ઞાનપણે ભાસતું ન હોય ત્યાંસુધી અજ્ઞાનમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. તે રાગ-દ્વેષરૂપી પરિણામ મારાથી ભિન્ન છે એમ તેને 'વિલેછી' એટલે ભિન્ન કરીને ભગવાન આનંદમૂર્તિનો અનુભવ ધર્મીજીવ કરે છે. રાગનો અનુભવ તો અજ્ઞાનીને છે. જ્ઞાનીને રાગનો અનુભવ નથી.

मोह मिथ्यात प्रवेस न पावै। ભગવાન આત્મા રાગ અને અજીવની રુચિ અને લક્ષ છોડીને પોતાના શુદ્ધ ચેતન્યનું લક્ષ અને રુચિનો અનુભવ કરે છે ત્યાં મિથ્યાત્વની ઉત્પત્તિ થતી જ નથી. ભ્રમણા ત્યાં પ્રવેશી શકતી નથી.

અધ્યાત્મવાતો બાપુ! સૂક્ષ્મ છે. લોકોએ તે સાંભળી નથી, જાણી નથી અને બહારની પ્રવૃત્તિમાં ધર્મ માની રાખ્યો છે.

અહીં તો કહે છે કે જ્યાં સુધી શુભરાગમાં (રુચિ સહિત) પ્રવૃત્તિ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને રાગમાં પ્રવૃત્તિ હોતી નથી. તો પ્રશ્ન થાય કે જ્ઞાની તો ધંધા આદિમાં પ્રવૃત્તિ કરે છે ને? ભાઈ! તને ખબર નથી. એ તો बोधतां याति बोध्यम् અર્થાત્ જ્ઞાની તેને જ્ઞેય તરીકે જાણે છે. વ્યવહારરત્નત્રયના રાગને પણ જ્ઞેય તરીકે જાણે છે તો ધંધાનો રાગ તો જ્ઞેય જ છે. જ્યાંસુધી જ્ઞેય અને જ્ઞાનને ભિન્ન જાણતાં નથી ત્યાં સુધી જ અજ્ઞાની વિકલ્પ અને રાગના કર્તા થઈને તેનો અનુભવ કરે છે. જ્યાં 'હું પરમાનંદનું ધામ છું' એવું જ્ઞાન જાગૃત થયું ત્યાં રાગ રાગમાં રહી ગયો અને આત્મા જ્ઞાનમાં રહી ગયો. રાગ જ્ઞેય થઈ ગયો તેનો અનુભવ જ્ઞાનીને નથી. જ્ઞાનીને તો જ્ઞાનનો જ અનુભવ છે.

પ્રથમ તો સમ્યગ્દર્શન શું છે? એની સમજણ અને તે તરફની દર્શનશુદ્ધિ પ્રગટ કરવી એ જ પ્રથમ કરવાનું કાર્ય છે. એ કર્યા વિનાના બધા કાર્ય એકડાં વિનાના મીંડા જેવા છે. વ્રત, તપ, ભક્તિ ને પૂજા પણ મોહભજન છે. દીપચંદજીએ અનુભવપ્રકાશમાં તેને મોહભજન કહ્યું છે. પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે કહ્યું છે કે ભવે ભવે જિન પૂજ્યાં.....(પણ નિજને ન જાણ્યો ત્યાં સુધી કલ્યાણ નથી.)

ચૈતન્યદ્રવ્યમાં મોહ અને મિથ્યાત્વનો પ્રવેશ તો થાય જ નહીં પણ હું રાગ છું એમ માનતો હતો ત્યાં સુધી મિથ્યાત્વનો પ્રવેશ છે એમ કહેવામાં આવતું હતું. વિકારના પરિણામ નિર્વિકારી ભગવાનમાં પ્રવેશ કરે કેવી રીતે! ચૈતન્યપિંડ સ્વભાવમાં વિભાવની ગંધ પણ ન હોય ભાઈ! પણ અજ્ઞાનીને 'રાગ મારું સ્વરૂપ છે' એવી મિથ્યાત્વની ગંધ બેસી ગઈ છે તેથી અજ્ઞાનીને રાગની ગંધ આવે છે. જ્યારે જ્ઞાનીને જ્ઞાનની સુગંધ આવે છે. આવો છે વીતરાગમારગ!

मोह गये उपजै सुख केवल, सिद्ध भयौ जगमांहि न आवै । સ્વરૂપના ભાનરૂપ સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વનો પ્રવેશ બંધ થયો, તે પછી અંતરમાં એકાગ્રતા થતાં મોહનો પૂર્ણ નાશ થાય છે અને એકલું સુખ તથા પૂર્ણજ્ઞાન-કેવલજ્ઞાન ઊપજે છે જેથી સિદ્ધદશા પ્રાપ્ત થાય છે.

પછી આ સિદ્ધપદ પ્રાપ્ત ભગવાનને જન્મ-મરણરૂપ સંસારમાં ફરી આવવું પડતું નથી. રાક્ષસોનો નાશ કરવા માટે કે ભક્તોનો ઉદ્ધાર કરવા માટે ભગવાન અવતાર લેતા નથી. અખંડાનંદપ્રભુ આત્મા અવતાર લે છે એટલે કે પર્યાય પ્રગટ કરે છે. પોતાના

આત્માની ભક્તિ કરનાર પર્યાયનો ઉદ્ધાર કરવા માટે અને વિકારરૂપ રાક્ષસનો નાશ કરવા માટે ચૈતન્યભગવાન અવતાર લે છે-જન્મ લે છે.

રાગની પ્રવૃત્તિનો નાશ કરે અને શુદ્ધાત્મપ્રવૃત્તિ પ્રગટ કરે તેને કેવળસુખ અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અનંતચતુષ્ટયની પ્રાપ્તિ અને રાગ-દ્વેષરૂપ રાક્ષસનો નાશ થાય છે. બીજા ભક્ત કે બીજા રાક્ષસ માટે ભગવાન ઉપરથી ઉતરતા નથી. જેમ અજ્ઞાનનો નાશ કર્યો તેને ફરી ઉત્પન્ન થવા દેતા નથી તેમ રાગનો નાશ કરીને વીતરાગ થયાં તે ફરી ભક્તો પર રાગ કરીને અને દુષ્ટો પર દ્વેષ કરીને સંસારમાં અવતાર ધારણ કરે એમ કેમ બને!

ન્યાય સમજમાં આવ્યો? સમકિતીએ રાગની પ્રવૃત્તિ છોડીને સ્વભાવમાં પ્રવૃત્તિ કરી, તો પછી રાગમાં પ્રવૃત્તિ કરતા નથી, તેમાં આવતા નથી, ઉપજતા નથી, શુદ્ધભાવે ઊપજે છે. તો જે પૂર્ણ શુદ્ધ થઈ ગયાં એવા સિદ્ધ ભગવાન ફરી અશુદ્ધ એવા સંસારમાં ઊપજે એમ ત્રણકાળમાં બને નહિ.

આ ૨૪મો કળશ થયો. હવે ૨૫મા કળશમાં શું કહે છે? અહોહો!! અમૃતચંદ્ર આચાર્યદેવે કળશમાં અમૃતની ધારા વરસાવીને મિથ્યાત્વના ઝેર ઉતાર્યા છે. પાપ ખરાબ છે અને પુણ્ય સારું છે એમ કરીને એમાં રોકાઈ ગયો તેને અજ્ઞાનના ઝેર ઉતારવાના આ મંત્રો છે. પ્રવચનસાર ૭૭ ગાથામાં કહે છે કે પુણ્ય અને પાપ બેમાં ફેર માને છે તે ઘોર સંસારમાં રખડે છે. સમયસાર, પ્રવચનસાર...બધા અમૃતથી ભરેલાં છે તેના ટીકા કરનારા પણ અમૃતચંદ્ર મળ્યા. આહાહા! ૨૫મો કળશ અને તેનું પદ્ય...

जीव करम संजोग, सहज मिथ्यात्वरूप धर।
राग दोष परनति प्रभाव, जानै न आप पर॥
तम मिथ्यात मिटि गयौ, हुवो समकित उदोत ससि।
राग दोष कछु वस्तु नांहि, छिन मांहि गये नसि॥

अनुभौ अभ्यास सुख रासि रमि,
भयौ निपुन तारन तरन।
पूरन प्रकास निहचल निरखि,
वानारसि वंदत चरन॥६०॥

અર્થ :—જીવાત્માનો અનાદિકાળથી કર્મોની સાથે સંબંધ છે તેથી તે સહજ જ મિથ્યાભાવને પ્રાપ્ત થાય છે અને રાગ-દ્વેષ પરિણતિને કારણે સ્વ-પર સ્વરૂપને જાણતો નથી. પણ મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ અને સમ્યક્ત્વશશિનો ઉદય થતાં રાગ-દ્વેષનું અસ્તિત્વ રહેતું નથી. ક્ષણવારમાં નાશ પામી જાય છે, જેથી આત્મ-અનુભવના અભ્યાસરૂપ સુખમાં લીન થઈને તારણતરણ પૂર્ણ પરમાત્મા થાય છે. એવા પૂર્ણ પરમાત્માના નિશ્ચયસ્વરૂપનું અવલોકન કરીને પં. બનારસીદાસજી ચરણ-વંદના કરે છે.

जीव करम संजोग......કર્મ તો પરચીજ છે તેને જીવ પોતાના માને છે અને તેનો સંયોગ કરે છે તે સ્વાભાવિક મિથ્યાત્વનો ધારક થાય છે. રાગાદિભાવ પણ, સંયોગીચીજ છે તેમાં દૃષ્ટિ કરે છે તેથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. ટૂંકમાં પરસંગના લક્ષથી મિથ્યાત્વ થાય છે અને અસંગ આત્માના લક્ષથી સમ્યક્ત્વ થાય છે અને શાંતિ તથા આનંદની ઉત્પત્તિ થાય છે.

राग दोष परनति प्रभाव जानै न आप पर । મિથ્યાત્વના કારણે જીવને ખ્યાલ નથી આવતો કે આ રાગ-દ્વેષથી મારું સ્વરૂપ જુદું છે. તેથી રાગ-દ્વેષ પરિણતિના પ્રભાવના કારણે અને ચૈતન્યપરિણતિના પ્રભાવના અભાવને કારણે સ્વ અને પરને ભિન્ન જાણી શકતો નથી. હું તો શુદ્ધ આનંદકંદ છું અને આ રાગાદિ વિકાર મારાથી ભિન્ન છે એવું ભેદજ્ઞાન ઉદય થતું નથી. જ્ઞાન અજ્ઞાનરૂપ થઈ જાય છે.

આ વાત એવી છે કે સાધારણ માણસને રુચિ નહિ એટલે સૂક્ષ્મ પડે, શું કરવું એ કાંઈ સમજાય નહિ; પણ હું શું ચીજ છું એ સમજવું, શ્રદ્ધા કરવી, સ્વસન્મુખ પ્રયોગ કરવો એ જ કરવાનું છે.

तम मिथ्यात् मिटि गयौ, हुवो समकित उदोस ससि । વસ્તુમાં પ્રણિહિત (મૂકેલી) દૃષ્ટિથી જોતાં અંતરમાં રાગ-દ્વેષ કાંઈ દેખાતા નથી. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકીનાથના શાસનમાં કહેલી આ વાત બીજે ક્યાંય હોઈ શકતી નથી. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા સર્વજ્ઞની સત્તાની જે મતમાં ખબર નથી તે મત સાચા હોઈ જ ન શકે. કેમ કે ધર્મનું મૂળ સર્વજ્ઞ પરમાત્મા છે. સર્વજ્ઞ પરમાત્માએ જ ધર્મનું સ્વરૂપ જાણ્યું છે અને બતાવ્યું છે. એક સમયમાં જાણે બધું પણ રાગ કિંચિત્ નહિ એ સર્વજ્ઞનું સ્વરૂપ કેવું!! એ સર્વજ્ઞ વિના ધર્મ ક્યાં હોઈ શકે?

સમ્યગ્દર્શનરૂપી ચંદ્રમા પ્રગટ થતાં મિથ્યાત્વનો અંધકાર નષ્ટ થઈ જાય છે. માટે

પ્રથમ કરવાયોગ્ય કાર્ય આ છે. ચારિત્ર અને સ્થિરતા પછી આવે છે. મૂળ ચીજના ભાન વિના વ્રત-તપ કરવાથી ચારિત્ર આવી જતું નથી. પંચ મહાવ્રત પાળવા એ તો રાગ છે. રાગને પાળવો એ તો મિથ્યાત્વ છે. અહીં કહ્યું ને! રાગ-દ્વેષમાં જેની પ્રવૃત્તિ છે તે મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્દષ્ટિને પણ રાગ તો આવે છે પણ રાગમાં પ્રવૃત્તિ નથી. રાગને જ્ઞેય તરીકે જાણે છે. સમવસરણની મધ્યમાં કુંદકુંદાચાર્ય ગયા ત્યારે સીમંધરભગવાને આ માર્ગ કહ્યો હતો. ભગવાને ક્ષાયિકભાવનો માર્ગ કહ્યો હતો. આત્મા શાંત વીતરાગ અકષાય સ્વભાવથી ભરેલો છે તેથી શાંતિ બતાવવા માટે સમકિતને અહીં શશિ–ચંદ્રની ઉપમા આપી છે. સમકિત સાથે અનંતાનુબંધી કષાયના અભાવપૂર્વક શાંતિ પ્રગટ થઈ તે બીજના ચંદ્રમા સમાન છે. હવે ચંદ્રમા ઊગ્યો તે પૂર્ણ પૂનમ થઈને રહેશે. સમકિત બીજ ઊગી તે કેવળજ્ઞાન પૂર્ણિમા લાવીને રહેશે. સમ્યગ્દર્શન થયું તો કેવળજ્ઞાન આવશે–આવશે ને આવશે જ.

એક ૧૨ વર્ષનો બાળ આવે છે તેને આવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત પણ બેસે છે. સમયસાર લઈને સાંભળવા બેસે છે અને કહે છે કે 'આવી કથનશૈલી સાંભળવા મળે એ ભાગ્યશાળી છે. જગતને આવી વાત કેમ બેસતી નથી!' આત્મા છે ને! આત્માને ઉંમર ક્યા છે! એને તત્ત્વની રુચિ ને પ્રેમ છે. બહારના ભણતર તો ઘણા ભણ્યા પણ કાંઈ યાદ ન રહ્યાં. તે ભણતરની શું કિંમત છે? ડીગ્રી એ તો ઉપાધિ છે. એમાં ક્યાં નિરુપાધિ છે? ભગવાન આત્માના જ્ઞાનમાં નિરુપાધિ છે.

'આત્મજ્ઞાન તે જ્ઞાન છે બાકી બધું અજ્ઞાન છે'

राग दोष कछु वस्तु नांहि.....જ્યાં સુધી મિથ્યાત્વ હતું ત્યાં સુધી રાગ-દ્વેષનું સમ્યક્ અસ્તિત્વ હતું પણ જ્યાં આત્મામાં રાગ-દ્વેષ છે જ નહીં એવી સમ્યક્ દૃષ્ટિ થઈ ત્યાં રાગ-દ્વેષ વસ્તુમાં દેખાતા નથી. અમારી ચીજમાં સંસારમાત્રનો અભાવ છે. સમ્યક્ત્વ થતાં તે જ ક્ષણમાં અજ્ઞાનનો નાશ થઈ જાય છે. પછી તો જેમ શેરડીનો રસ પીવે છે તેમ આત્મા અતીન્દ્રિય આનંદના ઘૂંટડાં પીતો-પીતો કેવળજ્ઞાન પ્રાપ્ક કરી લે છે. રાગમાં પ્રવૃત્તિ છોડીને, સ્વભાવમાં પ્રવૃત્તિનો અભ્યાસ કરતાં કરતાં અતીન્દ્રિય આનંદના ઘૂંટ પીતાં-પીતાં સમકિતી કેવળજ્ઞાન લઈ લેશે. લોકો એમ માને છે કે ચારિત્રમાં દુઃખ છે તે સહન કરવું પડશે, ચારિત્ર તો રેતીના કોળિયા ભરવા જેવું છે, મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવું ચારિત્ર છે એ વાત છે જ નહિ. ચારિત્રમાં તો આનંદ છે. અતીન્દ્રિય આનંદમાં રમણતા તેનું નામ ચારિત્ર છે.

તીર્થંકરોએ પણ છદ્મસ્થદશામાં મુનિપણામાં ચારિત્ર પાળ્યું હતું, કુંદકુંદાચાર્ય પણ ચારિત્ર પાળતા હતાં—એ બધા વ્યવહારનયના કથન છે. શુભરાગરૂપ ચારિત્રને તેઓ જ્ઞેય તરીકે જાણતા હતા. ઉપચારથી કહેવું એ વ્યવહારનયની કથન પદ્ધતિ છે અને યથાર્થ જેમ છે તેમ જાણવું એ નિશ્ચયનય છે.

આ તો વીતરાગી રમતું છે ત્યાં રાગની રમતું ન હોય ભાઈ! भयौ निपुन तारन तरन.... આ પરમાત્મપદની પ્રાપ્તિનો મારગ કહ્યો છે એટલે તેનો ક્રમ બતાવે છે. રાગની એકતા તોડીને આનંદરાશિ નિજ ભગવાનમાં એકત્વ કરીને આનંદરાશિમાં રમતા-રમતા પરમાત્માઓ પોતાના આત્માને તારી લીધો અને બીજાને તરવામાં નિમિત્ત થાય છે. અજ્ઞાની બીજાને તરવામાં નિમિત્ત થતા નથી.

અહા! કેવળજ્ઞાન અને અનંત આનંદ ભગવાનને પ્રગટ થાય છે. તે શું રાગથી પ્રગટ થાય છે! વ્યવહારરત્નત્રયથી પ્રગટ થાય છે! ના...ના...પ્રભુ! વ્યવહારરત્નત્રય તો મોક્ષનો માર્ગ છે જ નહિ, બંધનો માર્ગ છે. માત્ર નિશ્ચયમોક્ષમાર્ગની સાથે હોવાથી વ્યવહારમાં મોક્ષમાર્ગનો ઉપચાર કરાય છે. કેવળજ્ઞાન તો અનુભવનો અભ્યાસ કરતાં કરતાં પ્રગટ થાય છે. જો તને એમ થાય છે કે વ્રત-તપ કરતાં કરતાં કેવળજ્ઞાન થાય છે તો તારી રુચિમાં બહુ ફેર છે, પ્રતીતિમાં ફેર છે. મિથ્યાત્વના જોરમાં એવી માન્યતા થાય છે. રાગ તો ઝેર છે, દુઃખ છે તેનાથી મોક્ષમાર્ગ ક્યાંથી થાય? અહીં તો રાગનો ત્યાગ કરું છું એવી માન્યતા પણ મિથ્યાત્વ છે. આત્મામાં રાગનો અભાવ જ છે તો ત્યાગ શેનો કરે? ચોથા ગુણસ્થાને આવી શ્રદ્ધા હોય છે. એ વિના સમકિત થતું નથી. આ વાત સમજવામાં પણ આકરી પડે છે તો પરિણમે તો ક્યાંથી? બહુ કઠણ વાત છે.

સમ્યગ્દષ્ટિ એમ જાણે છે કે મારી ચીજમાં રમણતા કરવાથી કેવળજ્ઞાન થશે. વચ્ચે વ્રત-તપનો વિકલ્પ આવશે પણ તે દુઃખરૂપ છે. તેનાથી કેવળજ્ઞાન થાય એમ ત્રણલોકમાં અશક્ય છે. આવી વાત છે.

શ્રોતા :—અંતરંગ ક્રિયા અને બહિરંગ ક્રિયા એમ બે પ્રકારની ક્રિયા હોય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. બે ક્રિયા હોય. બહિરંગક્રિયા હોય છે–રાગ આવે છે તેને જ્ઞાની પરરૂપ જાણે છે. તેનાથી આત્માને લાભ થાય એમ માનતા નથી. જો એમ માને તો જ્ઞાની મિથ્યાદષ્ટિ થઈ જાય છે. મારગ ચોખ્ખો છે. આમાં કાંઈ ગડબડ ચાલે નહિ.

બનારસીદાસજી આવા સ્વરૂપમાં સ્થિર થઈ ગયેલા કેવળી ભગવાનના ચરણમાં વંદન કરે છે.

વીતરાગીમાર્ગમાં રાગથી લાભ માનવો એ મહા મિથ્યાત્વ છે. આ એક જ સિદ્ધાંત છે. મિથ્યાત્વ એ જ સંસારનું કારણ છે અને સમ્યગ્દર્શન મોક્ષનું કારણ છે. આત્માને રાગનો કર્તા માનવો એ જ મિથ્યાભાવ છે.

કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા,
જાને સો કરતા નહિ હોઈ, કરતા સો જાને નહિ કોઈ.

એક કવિની કડી આવે છે તેનો અર્થ એવો છે કે જે માર્ગેથી સિંહ ચાલ્યા હોય ત્યાં ઘાસમાં સિંહની રજ લાગેલી હોય તે ઘાસ સૂકાઈ જશે પણ તેને હરણો ચરશે નહિ. તેમ વીતરાગમાર્ગે જે જીવો ચડ્યા અને ઝપટ મારી તેને પામરો સહન નહિ કરી શકે. પામર-અજ્ઞાની જીવોનું આ કામ નથી.

અહીં તો ઘણી ચર્ચાઓ ચાલે છે. કર્મ રાગ-દ્વેષ કરાવે છે એમ કેટલાક માને છે તેની અહીં ના પાડે છે કે પર્યાયદૃષ્ટિએ જીવ રાગ-દ્વેષ કરે છે. રાગ કર્મ કરાવતાં નથી અને રાગ જીવના સ્વભાવમાં નથી. રાગ-દ્વેષ થવાનું કારણ મિથ્યાત્વ અને અજ્ઞાન છે તે અહીં કહે છે. ૨૬મો શ્લોક रागद्वेषोत्पादकं.....स्वभावे यस्मात् ॥26॥ જુઓ! અહીં રાગ-દ્વેષને સ્વસ્વભાવ કહ્યો છે. ૩૭૨ ગાથાનો આ શ્લોક છે. બહુ અલૌકિક ગાથા છે ત્યાં એટલે સુધી કહ્યું છે કે ભાષા કરવા માટે વીતરાગ પણ અસમર્થ છે–અયોગ્ય છે. જડની ભાષાને આત્મા શી રીતે કરે? આ ગાથા ઉપરનો કળશ છે; પછી કહેવાશે.

(ક્રમશઃ)

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ત્રિકાળી ધ્રુવ આત્માને જ અધિક રાખવાનો પુરુષાર્થ કરવો. અધિક એટલે પરથી ભિન્ન. સમયસારની ૩૧મી ગાથામાં આવે છે : 'णाणसहावाधिअं मुणदि आदं'— ....જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્માને. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયોથી—વિષયોમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પણ આવી ગયા—ભિન્ન પોતાના પૂર્ણજ્ઞાનસ્વભાવી આત્માની નિર્મળ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અને સાથેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

આચાર્ય ભગવાને આ સમયસારમાં 'જ્ઞાયકભાવ' કહીને આત્માનું સ્વરૂપ ઓળખાવ્યું છે. ઘણા અલૌકિક પ્રકારે આત્માનું શુદ્ધસ્વરૂપ 'જ્ઞાનમાત્ર' કહીને ઓળખાવ્યું છે. તે જ્ઞાનમાત્ર આત્માને સ્વસન્મુખી જ્ઞાનલક્ષણ વડે અનુભવમાં લેતાં તે અનુભવમાં એકલું જ્ઞાન જ નથી આવતું પણ જ્ઞાન સાથે આનંદ, પ્રભુતા, વીર્ય, અસ્તિત્વ વગેરે અનંત ધર્મો સહિત આત્મા અનુભવમાં આવે છે; એ રીતે જ્ઞાનમાત્ર આત્મા અનેકાંતસ્વરૂપ છે.

આવા અનેકાંતસ્વરૂપ આત્મામાં જ્ઞાન સાથે કેવી કેવી શક્તિઓ ભેગી પરિણમે છે તેનું આચાર્યદેવે અદ્ભુત વર્ણન કર્યું છે; આત્માની અનંત શક્તિનો વૈભવ ખૂલ્લો કરીને બતાવ્યો છે. જેણે આત્માને જાણવો હોય, જેણે સુખી થવું હોય ને આ ભવભ્રમણનાં દુ:ખથી છૂટવું હોય તેણે અનંતશક્તિના વૈભવવાળા આત્માને ઓળખવો જોઈએ. એકેક આત્મા પોતાની અનંત શક્તિથી ભરેલો ભગવાન છે.

આત્મામાં અનંત શક્તિઓ એક સાથે રહેલી છે અને તેની પર્યાયો ક્રમેક્રમે થાય છે. અનંત શક્તિમાં દરેક શક્તિની પર્યાય વર્તે છે તે અપેક્ષાએ તો અનંત શક્તિની અનંત પર્યાયો એક સાથે જ છે, કાંઈક પહેલાં થોડીક શક્તિની પર્યાય પરિણમે ને પછી બીજી શક્તિની પર્યાય પરિણમે એવો શક્તિના પરિણમનમાં ક્રમ નથી, એક સાથે જ બધી શક્તિઓ પરિણમે છે; પરંતુ, એક ગુણની ત્રણકાળ સંબંધી જે અનંત પર્યાયો છે તે બધી પર્યાયો એક સાથે થઈ જતી નથી પણ ક્રમે ક્રમે થાય છે. આ રીતે અક્રમરૂપ એકસાથે રહેલા જ્ઞાન–આનંદાદિ અનંત ગુણો અને તેની ક્રમેક્રમે થતી નિર્મળ પર્યાયો–આવા ગુણ–પર્યાયોનો આખો પિંડલો જ્ઞાનલક્ષણ વડે લક્ષિત થાય છે ને તેને જ આત્મા કહીએ છીએ. શક્તિ વડે જે લક્ષિત થાય તેને આત્મા કહેવાય.

★ જ્ઞાનલક્ષણ વડે જડ કે પરચીજ લક્ષિત થતી નથી;

★ જ્ઞાનલક્ષણ વડે રાગ લક્ષિત થતો નથી;

★ જ્ઞાનલક્ષણ વડે માત્ર એક ગુણ લક્ષિત થતો નથી;

★ જ્ઞાનલક્ષણ વડે અનંત ગુણ–પર્યાયોનો શુદ્ધ પિંડ લક્ષિત થાય છે.

જેને સ્વતંત્ર થવું હોય, પ્રભુતા પ્રગટાવવી હોય ને ધર્મ પ્રગટ કરવો હોય તેણે આવા ગુણ-પર્યાયવાળા પોતના આત્માની કિંમત જાણવી જોઈએ. રાગ વગરના પોતાના અનંત ગુણ-પર્યાયથી પરિપૂર્ણ આત્માના વૈભવની કિંમત થાય તો પરની ને રાગની કિંમત ઊડી જાય એટલે કે તેની રુચિ છૂટી જાય ને રુચિનો વેગ આત્મસ્વભાવ તરફ વળી જાય. આ સમ્યગ્દર્શનની રીત છે.

ભાઈ વીતરાગી સંતો તને તારો આત્મવૈભવ દેખાડે છે. તારા આત્માનો અપાર વૈભવ, જેનું પૂરું કથન સર્વજ્ઞની વાણી પણ ન કરી શકે, આવા નિજવૈભવને જોવાનો ઉત્સાહ તો કર! સાચા હીરાને ઓળખે નહીં ત્યાં સુધી કાચના ઝબકારાની કિંમત લાગે; પણ જ્યાં સાચા હીરાને ઓળખે ત્યાં કાચના કટકાની કિંમત ઊડી જાય; તેમ આ ચૈતન્ય હીરો જેમાં અનંત ગુણ-પર્યાયના પાસાની ચમક છે, તે શું ચીજ છે તેને જાણ્યા વગર અજ્ઞાનીને દેહાદિના સંયોગનું કે પુણ્યના ઝબકારાનું માહાત્મ્ય તથા અધિકતા ભાસે છે, પણ જો ચૈતન્ય હીરાનું સાચું માહાત્મ્ય જાણે એટલે કે પોતાના અપાર ચૈતન્યવૈભવને જાણે તો વિકારનું કે સંયોગનું માહાત્મ્ય રહે નહિ; એટલે પરિણતિ નિજસ્વભાવ તરફ વળતાં તેમાં નિર્મળ જ્ઞાન-આનંદનું પ્રગટ પરિણમન થાય; તેને 'આત્મા પ્રસિદ્ધ થયો' એમ કહેવામાં આવે છે. પહેલાં પણ શક્તિરૂપે તો આવો આત્મા હતો જ, પણ જ્યાં સુધી અંતર્મુખ થઈને પોતે પોતાના અનુભવનમાં ન લીધો ત્યાં સુધી તે અપ્રગટ હતો ને અનુભવમાં લેતાં તે પ્રગટ-પ્રસિદ્ધ થયો. તે પ્રસિદ્ધ થયેલા આત્માની શક્તિનું આ વર્ણન છે એટલે કે જ્ઞાનલક્ષણ વડે જે સ્વાનુભવમાં આવ્યો તે આત્માનો વૈભવ કેવો છે તેનું આ વર્ણન છે.

★ દેહની ક્રિયાથી લક્ષિત થાય તે આત્મા નહિ;

★ રાગલક્ષણ વડે લક્ષિત થાય તે આત્મા નહિ;

★ ગુણભેદરૂપ વિકલ્પ વડે લક્ષિત થાય તે આત્મા નહિ;

★ અંતરમાં વળેલા જ્ઞાનલક્ષણ વડે લક્ષિત થાય તે આત્મા.

આવા લક્ષ્યરૂપ આત્મામાં વિકાર નથી, સંયોગ નથી, શુદ્ધ અનંત ગુણ-પર્યાયો તેમાં સમાય છે. અનુકૂળ નિમિત્તના સંયોગો મને લાભ કરે ને પ્રતિકૂળ નિમિત્તોના ઘેરા મને નુકશાન કરે—એમ જેણે માન્યું તેણે આત્માની મહત્તાને ન જાણી પણ સંયોગની મહત્તા

માની; તેણે સંયોગને પોતામાં માન્યા પણ સંયોગથી જુદા અનંત શક્તિસંપન્ન આત્માને ન જાણ્યો.

ભાઈ, આત્માને 'જ્ઞાનમાત્ર' કહેતાં તેમાં કેટલા વૈભવ સમાય છે તેને જો તું જાણ તો તને પરનો–સંયોગનો–વિકારનો કે અલ્પતાનો મહિમા રહે નહિ, તેને મહિમા છૂટીને આત્માના સ્વભાવનો મહિમા–રુચિ–દ્રષ્ટિ જાગે ને અનંત ગુણની નિર્મળતા ખીલવા માંડે એટલે કે મોક્ષમાર્ગ શરૂ થાય. પરના, વિકારના કે અલ્પતાના મહિમામાં અટકે ત્યાં સુધી પરિણતિ ત્યાંથી ખસીને સ્વભાવ તરફ કદી વળે નહિ.

અનંતગુણ હોવા છતાં આત્મામાં જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે? તેના ઉત્તરમાં ૪૭ શક્તિનું અલૌકિક વર્ણન કરીને આચાર્યદેવે 'જ્ઞાનમાત્ર'નું અનેકાંતપણું સિદ્ધ કર્યું છે. આત્માને 'જ્ઞાનમાત્ર' કહ્યો તે તો પરનો ને વિકારનો તેમાં અભાવ બતાવવા કહ્યું છે, પણ 'જ્ઞાનમાત્ર' કહેતાં તે સ્વપણે 'સત્' છે ને પરપણે 'અસત્' છે એવું અનેકાંતપણું આવી જ જાય છે. જ્ઞાનમાત્ર આત્મા છે તે સ્વપણે છે ને પરપણે નથી. જો પરપણે પણ સત્ હોય તો પોતાનું અસ્તિત્વ સ્વતંત્ર ન રહે, બીજાના અસ્તિત્વમાં તેનું અસ્તિત્વ ભળી જાય; અને જેમ પરપણે અસત્ છે તેમ જો સ્વપણે પણ અસત્ હોય તો આત્માનો અભાવ થઈ જાય. આ રીતે 'જ્ઞાનમાત્ર' કહેતાં તેમાં સત્પણું, અસત્પણું વગેરે અનેક ધર્મો ભેગા હોવાથી 'અનેકાંત'ની સ્વયમેવ સિદ્ધિ થઈ જાય છે.

આવું અનંતશક્તિવાળું પોતાના આત્માનું સ્વરૂપ છે, પણ જીવે નિજસ્વરૂપને કદી લક્ષમાં લીધું નથી. અનંત શક્તિવાળા પોતાના આત્માને જો એક સેકંડ પણ લક્ષમાં લ્યે તો અપૂર્વ કલ્યાણ થાય. અહીં જ્ઞાનમાત્ર આત્મામાં અનંત ધર્મો સમાયેલા છે, 'જ્ઞાનમાત્રભાવ'માં અનંત ધર્મોની સિદ્ધિ થઈ જાય છે તે અહીં સમજાવવું છે. ન સમજાય તેને એમ લાગે કે 'જ્ઞાન....જ્ઞાન' કહે છે, પણ ભાઈ! 'જ્ઞાન'માં તો અનંતશક્તિઓનો મોટો ખજાનો ભર્યો છે. એ અનંતગુણનો ખજાનો ખોલીને અહીં સંતો તને બતાવે છે.

ભાઈ! તારા આત્મામાં અનંત ગુણો છે; તે દરેક ગુણ ભિન્ન ભિન્ન સ્વભાવવાળા છે, એક ગુણ બીજા ગુણરૂપે થઈ જતો નથી, છતાં 'જ્ઞાનમાત્ર' નિર્મળ ભાવમાં બધા ગુણોનો રસ એક સાથે સ્વાદમાં આવે છે. જ્ઞાન, આનંદ, જીવત્વ, પ્રભુત્વ, અસ્તિત્વ વગેરે શક્તિનાં કાર્ય જુદાં જુદાં છે; તેવી અનંત શક્તિઓ એક આત્મામાં એક કાળે એક ક્ષેત્રે રહેલી છે, તેમનામાં લક્ષણભેદે ભિન્નતા હોવા છતાં એક જ્ઞાનમાત્ર આત્માના

અનુભવનમાં તે બધી શક્તિઓ સમાઈ જાય છે. અહા, આત્માની શક્તિની શી વાત! અચિંત્ય અનંત જેની તાકાત! એકેક શક્તિ પણ બેહદસ્વભાવના સામર્થ્યથી ભરેલી છે, ને એવી અનંત શક્તિના સામર્થ્યથી ભગવાન આત્મા ભરેલો છે.

આવો આત્મા સ્વાનુભવથી જ્યારે જ્ઞાનમાત્રપણે પરિણમે છે ત્યારે તે જ્ઞાનમાત્ર પરિણમન અનંત શક્તિના નિર્મળ પરિણમનથી ભરેલું છે. એક સમયની જાણનક્રિયા અનંત ગુણોના ભાવોને સાથે લેતી પ્રગટે છે. આનંદ ને જ્ઞાન, સ્વચ્છતા ને પ્રભુતા, જીવત્વ ને કર્તૃત્વ એવી અનંત શક્તિ પરિણમનમાં એક સાથે ઉલ્લસે છે. પહેલા સમયે એક ને બીજા સમયે બીજી એમ ક્રમે ક્રમે શક્તિઓ નથી પરિણમતી પણ એક સાથે બધી શક્તિ પરિણમે છે. તેથી આવા આત્માને 'જ્ઞાનમાત્ર' કહેવા છતાં તેમાં અનંત ધર્મરૂપ અનેકાંતપણું સ્વયમેવ પ્રકાશે છે.

ભગવાન તીર્થંકરદેવ કહે છે કે અમારા જ્ઞાનમાં અનંતા ધર્મો જણાયા છતાં અમે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો તેનું શું કારણ?–કે જ્ઞાનમાત્ર કહીને આખો આત્મા લક્ષગત કરાવ્યો છે. જ્ઞાન પ્રસિદ્ધ છે તેથી તેના દ્વારા અનંતગુણવાળો આખો આત્મા પ્રસિદ્ધ કરાવ્યો છે. તે જ્ઞાનમાત્ર આત્માના પરિણમનમાં અનંત ગુણોનો વૈભવ એક સાથે પરિણમે છે. ભાઈ! તારો આત્મવૈભવ તો જો! પિતાનો વારસો શું છે તેની ઘરના ભંડારમાં તપાસ કરે છે, તો અહીં આ કેવળીભગવાન પરમપિતા તને તારા સ્વઘરનો ભંડાર બતાવે છે, તેને તો એક વાર પ્રેમથી દેખ! તારો વૈભવ દેખતાં તને પરમ આનંદ થશે.

જેમ પિતા પોતાના સુપુત્રને વૈભવનો વારસો સોંપે ને પુત્ર હોંશથી સંભાળે, તેમ અહીં આત્માની અનંત શક્તિરૂપ વૈભવનો વારસો સર્વજ્ઞપિતા સાધકરૂપી સુપુત્રોને સોંપે છે ને સાધક જીવો પરમ પ્રેમથી આત્મવૈભવને સંભાળે છે. મુનિ તો મોટા નંદન છે, કેવળજ્ઞાનના મોટા દીકરા છે ને સમકિતી તે કેવળજ્ઞાનનો નાનો દીકરો છે. ભલે નાનો, પણ છે તો સર્વજ્ઞનો વારસદાર! સર્વજ્ઞપિતાની મૂડી તેણે જોઈ છે એટલે આત્માના અનંતગુણનો વૈભવ સ્વાનુભવથી તેણે જોયો છે. પિતાની મૂડી શું છે તે જોવું નથી ને તેના વારસદાર થવું છે–તે કેમ બને! તેમ તીર્થંકરપિતા સર્વજ્ઞદેવે અનંતશક્તિરૂપ જે આત્મવૈભવ કહ્યો છે તે વૈભવને જાણવો નથી ને તેના વારસદાર (મોક્ષમાર્ગી) થવું છે–એ કેમ બને! ભગવાને પ્રગટ કરેલ અનંતશક્તિરૂપ આત્મવૈભવને જે જાણે તે જ ભગવાનનો ખરો નંદન કહેવાય, તે સર્વજ્ઞનો વારસદાર થયો અને હવે અલ્પકાળમાં પોતે

સર્વજ્ઞ થશે. અહો, આત્માના વૈભવની આવી વાત સંતો સંભળાવે છે, તે સાંભળતાં કોને ઉલ્લાસ ન આવે!

હે ભાઈ! જ્ઞાનમાત્ર તારો આત્મા, તેમાં એક સાથે અનંત શક્તિઓ ઉલ્લસે છે. ઉલ્લસે છે એટલે પરિણમે છે. તે શક્તિઓને પ્રદેશભેદ નથી; આત્માના અસંખ્યપ્રદેશમાંથી અમુક ભાગમાં એક શક્તિ ને બીજી શક્તિ બીજા ભાગમાં એમ તેમનામાં ક્ષેત્રભેદ નથી. દરેક શક્તિ આત્માના સર્વપ્રદેશોમાં ભરેલી છે, એટલે જે જ્ઞાનનું ક્ષેત્ર છે તે જ આનંદનું ક્ષેત્ર છે, તે જ પ્રભુતાનું ક્ષેત્ર છે, તે જ વીર્યનું ક્ષેત્ર છે, એમ બધી શક્તિઓને એકક્ષેત્રપણું છે. જેમ ક્ષેત્રભેદ નથી તેમ કાળભેદ પણ નથી એટલે એક શક્તિ પહેલાં પરિણમે ને બીજી શક્તિ પછી પરિમમે-એવો ભેદ તેમનામાં નથી. ક્ષેત્રે અને કાળે એકસાથે હોવા છતાં દરેક શક્તિનું કાર્ય (લક્ષણ) ભિન્ન-ભિન્ન છે એટલે લક્ષણભેદ છે અર્થાત્ કાર્યથી ભેદ છે, ભાવથી ભેદ છે. જો ભાવભેદ ન હોય તો ભિન્નભિન્ન અનંત શક્તિ સિદ્ધ ન થાય. જેમ કે જીવત્વશક્તિનું કાર્ય આત્માને ચૈતન્યપ્રાણથી જીવાડવો તે જ્ઞાનનું કાર્ય જાણવું (કાર્ય કહો કે લક્ષણ કહો) શ્રદ્ધાનું કાર્ય પ્રતીત કરવી, ચારિત્રનું કાર્ય લીનતા કરવી, વીર્યનું કાર્ય સ્વરૂપની રચના કરવી, સુખનું કાર્ય અનાકુળ શાંતિનું વેદન કરવું, પ્રભુતાનું કાર્ય સ્વતંત્રતાથી શોભવું, પ્રકાશશક્તિનું કાર્ય સ્વયં-પ્રત્યક્ષ સ્વાનુભવ કરવો-આ રીતે અનંત શક્તિઓને પરસ્પર લક્ષણભેદ-કાર્યભેદ અથવા ભાવભેદ છે પણ વ્યયભેદ નથી, ક્ષેત્રભેદ નથી, કાળભેદ નથી.

આત્મામાં શક્તિઓ અનંતી હોવા છતાં તેનું ક્ષેત્ર તો અસંખ્યપ્રદેશી જ છે; અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રમાં અનંતી શક્તિઓ રહેલી છે. અનંત શક્તિને રહેવા માટે ક્ષેત્ર પણ અનંતુ જોઈએ—એવું કાંઈ નથી. નાનામાં નાના ક્ષેત્રવાળો જે એક પરમાણુ અથવા કાળાણુ તેનામાં પણ અનંતી શક્તિઓ છે; ભલે શક્તિની જાતમાં ફેર, પણ સંખ્યા બંનેમાં સરખી. જેમ કે આત્મામાં ચેતનશક્તિ છે તો પરમાણુમાં જડત્વશક્તિ છે, આત્મામાં અરૂપીત્વ છે તો પરમાણુમાં રૂપીત્વ છે, એમ જેટલી શક્તિઓ આત્મામાં છે તેટલી શક્તિઓ પરમાણુમાં છે. અહા! એકપ્રદેશી પરમાણુ તેમાં અનંત શક્તિઓ, કોઈ અચિંત્ય વસ્તુસ્વભાવ છે. એ તર્કનો વિષય નથી. જેનો પાર નથી એવું આકાશદ્રવ્ય, તેનામાં તેનું અસ્તિત્વ પૂરેપૂરું છે, તેમ આકાશના અનંતમા ભાગનો જે એકપ્રદેશી પરમાણુ-તેનામાં તેનું અસ્તિત્વ પૂરેપૂરું છે, તે પણ અનાદિઅનંત પોતાના સ્વતંત્ર અસ્તિત્વમાં રહેલો છે.

દરેક દ્રવ્યમાં અનંત શક્તિરૂપ પોતપોતાનો વૈભવ છે, પણ અહીં તો ભગવાન આત્માના વૈભવની વાત છે. અસંખ્યપ્રદેશી આત્મા અનંતગુણથી ભરેલો છે. અસંખ્યપ્રદેશી આત્મવસ્તુ તે ગુણી અને તેના સર્વક્ષેત્રમાં સર્વકાળે અનંતશક્તિરૂપ ગુણો રહેલા છે.

શ્રોતા :—આત્મા એક, તેને વળી અસંખ્યપ્રદેશો હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા; એ વસ્તુસ્થિતિ છે. જેમ અરૂપી આકાશ એક અખંડ દ્રવ્ય હોવા છતાં તેના પ્રદેશોમાં પરસ્પર ભેદ છે; જો એ પ્રકારનો પ્રદેશભેદ ન હોય તો અનંતપ્રદેશીપણું જ સિદ્ધ ન થાય. શાસ્ત્રમાં એનું દૃષ્ટાંત આપ્યું છે : જેમ કે આકાશમાં બે મુનિ ધ્યાનમાં બેઠા છે, તો તે બંને મુનિઓનું ક્ષેત્ર એક છે કે જુદું? જો એક ક્ષેત્ર હોય તો બે મુનિ જુદા ન રહે અને જો બંને મુનિનું ક્ષેત્ર જુદું છે એમ સ્વીકારો તો આકાશમાં ભેદકલ્પના સિદ્ધ થઈ ગઈ. તેમ અનંતગુણસ્વરૂપ જે એક અખંડ આત્મદ્રવ્ય, તેને અસંખ્યપ્રદેશીપણું છે, તે પ્રદેશોને એકબીજા વચ્ચે ભેદ છે (અર્થાત્ જે પહેલો પ્રદેશ છે તે બીજો પ્રદેશ નથી એવો ભેદ છે) પણ અસંખ્ય પ્રદેશમાં રહેલી જે અનંતશક્તિઓ તેમનામાં પરસ્પર પ્રદેશભેદ નથી. જ્યાં જાણવાની શક્તિ છે ત્યાં જ સુખનું વેદન છે, પ્રભુતા પણ ત્યાં જ છે—એમ બધી શક્તિ એકક્ષેત્રે રહેલી છે. જે જ્ઞાનશક્તિ છે તે જ કાંઈ સુખશક્તિ નથી, પણ જ્યાં જ્ઞાનશક્તિ છે ત્યાં જ સુખશક્તિ છે એટલે અનંતશક્તિઓમાં આ રીતે ભાવ અપેક્ષાએ ભેદ હોવા છતાં ક્ષેત્રઅપેક્ષાએ ભેદ નથી. આવું વસ્તુસ્વરૂપ છે.

ભાઈ ! આ જે કાંઈ કહેવાય છે તે બધા પ્રકારો તારા આત્મામાં જ છે. આ કાંઈ દૂર દૂરની કાંઈ બીજાની વાત નથી પણ—मेरो धनी नहि दूर दिसान्तर, मोहिमें है मोहि सूझत नीके। આત્માના સ્વરૂપમાં જે વૈભવ ભર્યો છે તેની આ વાત છે ને સ્વસંવેદન વડે જ્ઞાનીને તે સ્પષ્ટ ભાસે છે. સ્વસંવેદનથી પ્રત્યક્ષ થઈ શકે એવું આત્માનું સ્વરૂપ છે. (એ વાત ૧૨મી પ્રકાશશક્તિમાં બહુ સરસ આવશે.)

જેમ ઊંચી જાતના ચોખા પાકવા માટે તેને યોગ્ય ક્ષેત્ર હોય, તેમ જ્યાં કેવળજ્ઞાન અને અનંત આનંદના ચોખા પાકે તે ક્ષેત્ર ક્યુ?-કે અસંખ્યપ્રદેશી આત્મા એવું ખેતર છે કે જેમાં અનંત આનંદની રેલમછેલ પાકે ને જેમાં કેવળજ્ઞાનનાં પાક પાકે! શરીર કે વિકારી પુણ્ય-પાપના ભાવ તે કાંઈ આનંદ પાકવાનું ક્ષેત્ર નથી. હે જીવ! અનંતા જ્ઞાન-આનંદના પાક પાકવાનું ધામ જે તારો અનંત શક્તિસંપન્ન આત્મા-તેના સ્વક્ષેત્રમાં એકાગ્ર

થતાં તારી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન ને આનંદના અપૂર્વ ફળ પાકશે! અનંત ગુણસંપન્ન આત્માના લક્ષે સમયે-સમયે વ્યવહારના અભાવરૂપ ને નિશ્ચયના પરિણમનરૂપ પાક પાકે છે-એ જ મોક્ષમાર્ગ છે ને એ જ ધર્મ છે.

આનંદના પાક ક્યાં પાકે? કેવળજ્ઞાનના પાક ક્યાં પાકે? રત્નત્રયના પાક ક્યાં પાકે?-અસંખ્યપ્રદેશી આત્મપ્રદેશમાં જ એ બધા પાક પાકે છે, પણ એ માટે સ્વસન્મુખ રુચિનું સીંચન જોઈએ. ભાઈ! આ તારા સ્વક્ષેત્રની સ્વઘરની વાત છે. જેમ ઘરના ક્ષેત્રની ચારે દિશા બરાબર નક્કી કરે છે તેમ અનંતગુણથી ભરેલા તારા સ્વક્ષેત્રનું સ્વરૂપ ચારે પડખાથી નક્કી કર. તારા ગુણોની નિર્મળતા પ્રગટાવવા તારા સ્વક્ષેત્રમાં જ નજર કર ને તેમાં જ એકાગ્ર થા. બધુંય તારામાં જ ભર્યું છે, પરમાં ક્યાંય શોધવાની જરૂર નથી. બારોટ આવીને સાત પેઢીના બાપદાદાના વખાણ સંભળાવે ત્યાં ગૌરવ માને છે ને હોંશથી સાંભળે છે. અહીં સર્વજ્ઞભગવાનનાં ચોપડામાંથી સંતો તારા અનાદિ-અનંતકાળનો મોટો વૈભવ બતાવીને તને તારા ગુણગાન સંભળાવે છે તો તેનો મહિમા લાવીને ઉલ્લાસ પ્રગટ કર; એટલે તે વૈભવ પર્યાયમાં પણ પરિણી જશે! તેમાં તારી ખરી શોભા ને ગૌરવ છે.

ગુણનો વૈભવ ત્રિકાળ છે ને પર્યાયનો વૈભવ એક સમયનો છે! ગુણ ત્રિકાળ ને પર્યાય એક સમયની, છતાં ક્ષેત્ર બંનેનું સરખું છે. દ્રવ્ય-ગુણ ને પર્યાય એ બધાનું ક્ષેત્ર એક જ છે. દ્રવ્ય-ગુણનો આનંદ જ્યારે પર્યાયમાં પણ વ્યાપ્યો (એટલે કે પરિણમ્યો) ત્યારે ભાન થયું કે અહા! આવા આનંદનો આખો પિંડ હું છું ને એવા એવા અનંત ગુણનો પિંડ હું છું. નિર્મળ પરિણતિમાં એ અનંત ગુણોનું પરિણમન એક સાથે ઊછળે છે.

કોઈ કહે કે આત્મામાં જ્ઞાનમાત્ર ભાવનું પરિણમન દેખાય છે પણ શાંતિનું કે આનંદનું પરિણમન દેખાતું નથી! તો એની વાત સાચી નથી; એણે ગુણોને સર્વથા જુદા માન્યા; અનેકાંતની એને ખબર નથી ને તેણે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણ્યો નથી. એક જ્ઞાન-માત્રભાવમાં તો અનંત ગુણનું પરિણમન ભેગું જ છે, એટલે જ્ઞાનમાત્રભાવને જાણતાં તેમાં અનંતગુણનું નિર્મળ પરિણમન અને તેની પ્રતીતિ ભેગી આવી જ જાય છે. આ ભૂમિકા બાંધીને જ્ઞાનમાત્ર આત્મામાં જે અનંત શક્તિ ઊછળે છે તેનું હવે વર્ણન કરવું છે.

આત્મામાં સામર્થ્યથી તો અનંત શક્તિ છે ને સંખ્યાએ પણ અનંત શક્તિઓ છે. એક-બે-ત્રણ-ચાર એમ ક્રમેક્રમે ગણવા બેસે તો અનંતકાળે પણ પૂરી ન થાય એટલી શક્તિઓ દરેક આત્મામાં છે. જ્ઞાનમાં જાણવાનું સામર્થ્ય, શ્રદ્ધામાં પ્રતીતનું અનંતુ સામર્થ્ય,

વીર્યમાં સ્વરૂપ રચનાનું અનંતુ સામર્થ્ય—એમ અનંત સામર્થ્યવાળી દરેક શક્તિ ને એવી અનંત શક્તિનો પિંડ તે ભગવાન આત્મા! 'જ્ઞાનમાત્ર' કહેતાં આવી શક્તિવાળો આખો આત્મા ઓળખાઈ જાય છે. અરે! આવી અનંત શક્તિઓનો ધણી આત્મા તે પોતાની પ્રભુતા ભૂલીને, દીનપણે પરભાવમાં રખડતો થકો દેહ ધારણ કરી કરીને સંસારમાં ભટકી રહ્યો છે. તેને તેની શક્તિનો વૈભવ બતાવીને સંતો જગાડે છે કે હે જીવ! તું જાગ. તું વિકાર જેટલો પામર નથી પણ સિદ્ધ પરમાત્મા જેવો પ્રભુ છો. તારી શક્તિના એક ટકોરે કેવળજ્ઞાન લે એવી તારી તાકાત છે; તેને તું સંભાળ. અનંત શક્તિઓ વચનથી તો કઈ રીતે કહેવાય? વિકલ્પમાં પણ જે નથી સમાતી તે વાણીમાં તો ક્યાંથી આવે? એકેક શક્તિ કહેવામાં એકેક સેકંડ જાય તો પણ અનંત શક્તિ કહેવામાં અનંત સેકંડ એટલે અનંતકાળ લાગી જાય. પણ એટલું તો કોઈનું આયુષ્ય હોય નહિ, એટલા શબ્દો પણ જગતમાં નથી ને સાધકદશાનો એટલો લાંબો કાળ પણ નથી. એટલે ખાસ પ્રયોજનભૂત કેટલીક શક્તિઓ આચાર્યદેવે વર્ણવી છે, તેમાં અનંત શક્તિનો સાર સમાઈ જાય છે. સ્વસંવેદનથી આત્માનો જે મહિમા અનુભવમાં આવ્યો તે બધો વાણીમાં આવી ન શકે; વાણીમાં તો અમુક ઈશારા આવે. તેથી કહે છે કે જ્ઞાનમાત્ર ભાવમાં ઊછળતી કેટલીક શક્તિઓનું વર્ણન કરીએ છીએ. તેમાં સૌથી પહેલી શક્તિ છે જીવત્વશક્તિ!

(ક્રમશઃ)

## વૈરાગ્ય સમાચાર :—

રાજકોટનિવાસી ડૉ. તનસુખરાય મગનલાલ ઉદાણી (વર્ષ-૮૫) તા. ૧૯-૧૦-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને દાંતના ડૉક્ટર તરીકે પૂજ્ય ગુરુદેવશ્રીની સેવાનો ઘણો લાભ મળ્યો હતો. તેમને તત્ત્વનો ઘણો રસ હતો; પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની CD નિયમિત સાંભળતા હતા.

વાંકાનેરનિવાસી (હાલ-બોરીવલી) સ્વ. જમનાદાસ જગજીવન શાહના પુત્ર શ્રી કિરીટભાઈ (વર્ષ-૫૭) તા. ૧૨-૧૧-૦૯ના રોજ સોનગઢ મુકામે હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો રસ હતો.

બિજૌલિયાનિવાસી શ્રીમતી સજ્જનબાઈ ચાંદમલજી લુહાડિયા (-તે પં. શ્રી અશોકજી લુહાડિયા, નિર્દેશક મંગલાયતનના માતુશ્રી) (વર્ષ-૮૪) તા. ૧૬-૧૧-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વાધ્યાયપ્રેમી હતા.

રખિયાલનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી જયંતિલાલ નાનચંદ શાહ તા. ૨૭-૧૧-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુવર્ણપુરે નિર્માણાધીન જંબૂદ્વીપના જિનાયતનમાં

## પ્રતિષ્ઠેય શાશ્વત જિનબિંબોના સ્વાગતાર્થે સૌરાષ્ટ્ર હિલોળે ચઢ્યું

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મંગલ પ્રભાવના ઉદયે સુવર્ણપુરીમાં નૂતન જંબૂદ્વીપ જિનાયતનનું નિર્માણ થઈ રહ્યું છે. જેમાં ૧૩૧ જિનબિંબો બિરાજમાન થનાર છે. તે પૈકી બીજા તબક્કાના નવ શાશ્વત જિનબિંબો પધારવાના હોવાથી સૌરાષ્ટ્રના ગામેગામના મુમુક્ષુમંડળોએ ભગવાન અમારા ગામમાં પણ પધારે! એવી તીવ્ર ભાવના વ્યક્ત કરતાં સર્વ પ્રથમ સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર સમા સુરેન્દ્રનગરમાં તા. ૧૫-૧-૦૯ના રોજ પ્રતિષ્ઠેય ભગવંતોનું ભવ્ય સ્વાગત અત્યંત ભક્તિ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં થયું. ત્યારબાદ લીંબડી, વાંકાનેર, રાજકોટ, બોટાદ, વીંછીયા, લાઠી, અમરેલી, જેતપુર, ગોંડલ વગેરે નગરોમાં પણ મુમુક્ષુઓ ભગવંતોનું સ્વાગત કરવા ભાવભીના અંતરે ઊમટી પડ્યા.

આ પૈકી સુરેન્દ્રનગર, લીંબડી અને વાંકાનેરમાં આપણા પ્રતિષ્ઠાચાર્ય બ્ર. વજુભાઈ (વઢવાણ) પણ સ્વાગત કરવા પધાર્યા હતા. ત્યાં તેઓશ્રીએ અત્યંત ભક્તિભાવપૂર્વક જણાવ્યું કે "સુવર્ણપુરીના જંબૂદ્વીપ-બાહુબલીના આયોજનમાં પ્રતિષ્ઠેય ભગવંતો સુવર્ણપુરી જતાં માર્ગમાં સુરેન્દ્રનગરના મુમુક્ષુઓની વિનંતીથી અમારા આંગણે પધારેલ છે. અમારા આંગણે પધારતાં અમો સૌ ભાવભીના હૃદયથી તેમનું સ્વાગત કરીએ છીએ. કુલે ૧૩૧ પ્રતિષ્ઠેય ભગવંતોમાંથી ૯ ભગવંતો અહીં પધાર્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી ૯ના અંકને અફર કહેતા હતા. એવા આ અફર શાશ્વત પ્રતિષ્ઠેય ભગવંતોને આપણા આંગણે વધાવવાનો લાભ આપણા સૌ માટે પરમ સૌભાગ્ય છે."

પોતાના સુવર્ણપુરીના પ્રતિષ્ઠેય ભગવંતોને સૌરાષ્ટ્રના પ્રાંગણમાં ભક્તિ-ઉલ્લાસથી વધાવવા અહીં સ્વર્ણપુરીથી બ્રહ્મચારી બહેનો પધારેલ છે. કે જેઓ પૂજ્ય બહેનશ્રીના અંતેવાસી છે તેમના ભક્તિ જીવનનું ઘડતર તેમના ચરણોમાં રહીને પૂજ્ય બહેનશ્રીના સાહજિક ભક્તિજીવનથી ઘડાયેલ છે. પૂજ્ય બહેનશ્રી સ્વયં આવા ભક્તિકાર્યોમાં ઉલ્લાસથી જોડાતાં હતાં. તે પરથી આપણે પણ આપણું દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ શ્રદ્ધા-ભક્તિ જીવન ઘડીએ."

દરેક નગરોમાં જિનેન્દ્ર પૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, ભગવંતોનું સ્વાગત ઝુલુસ તથા વધામણા ત્યારબાદ જિનમંદિરમાં પ્રતિષ્ઠેય ભગવંતોની પધરામણી, ણમોકાર મંત્ર, ચત્તારી મંગલમ્ પાઠ ત્યારબાદ મંદિરમાં પ્રતિષ્ઠિત ભગવંતોને અર્ઘ્ય આપી મંગલાષ્ટક દ્વારા ભગવંતોનું સ્વાગત કરી તેમની ખૂબ જ ઉલ્લાસથી ભક્તિ કરવામાં આવે છે. લગભગ દરેક ગામના મંડળોએ આ મંગલ પ્રસંગે સંઘજમણનું પણ આયોજન કર્યું હતું. તથા આ માટે અન્ય મુમુક્ષુમંડળોમાંથી મહેમાનો પણ પધારતા.

આ પ્રમાણે પ્રતિષ્ઠેય ભગવંતોના ભક્તિભીના સ્વાગતમાં સૌરાષ્ટ્ર જાણે હિલોળે ચઢ્યું હોય એવી પ્રતીતિ સહજ થતી. આ પ્રતિષ્ઠેય ભગવંતોનું સ્વાગત કરવા સૌરાષ્ટ્રના અન્ય મંડળો પણ થનગની રહ્યાં છે.

લિ.

શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

રાજકોટ

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૫ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પરમાત્મપ્રકાશ) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી સમયસાર કલશ ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય
## ''ભગવાન કુંદકુંદાચાર્યનો આચાર્યપદવી દિન મહોત્સવ''
### અત્યંત ઉલ્લાસપૂર્ણ ભક્તિભાવથી ઉજવાયો

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તે ઉભય ધર્માત્માઓના પ્રત્યક્ષ ઉપકારી એવા ભગવાન કુંદકુંદાચાર્યદેવનો આચાર્યપદવી દિન માગશર વદ-૭ થી માગશર વદ-૮ એમ દ્વિ-દિવસીય મહોત્સવરૂપે **શ્રી કુંદકુંદકહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ રાજકોટ** દ્વારા અત્યંત ભવ્ય રીતે ઉજવાયો.

ભગવાન કુંદકુંદાચાર્યદેવના આચાર્યપદવીદિન માગશર વદ-૮ને બુધવાર સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી ભગવાન કુંદકુંદાચાર્યની મંગળ વધાઈનો કાર્યક્રમ પરમાગમમંદિરમાં ઘણા જ ભક્તિ-ઉલ્લાસ સહ યોજવામાં આવ્યો. આ મહોત્સવ ભગવાન કુંદકુંદાચાર્યદેવની વિશિષ્ટ પૂજન-ભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચા, કુંદકુંદાચાર્યદેવના પરમાગમોનો ટૂંકસાર સમજાવતા ધાર્મિક શિક્ષણવર્ગો, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે અનુષ્ઠાનોપૂર્વક યોજાયો. આ મહોત્સવનો લાભ લેવા બહારગામથી ઘણા મુમુક્ષુઓ પધાર્યા હતા

આ મહોત્સવમાં ધાર્મિક શિક્ષણ વર્ગોમાં શ્રી પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ) તથા શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) વગેરેએ અધ્યાપન કરાવ્યું હતું.

**નવમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર તા. ૨૫-૧૨-૨૦૦૯ થી ૩૦-૧૨-૨૦૦૯**

## ✻ શિબિરાર્થીઓને સૂચના ✻

**બાલ સંસ્કાર શિબિરાર્થી બાળકો અને યુવાનોને જણાવવાનું કે આ વર્ષની શિબિરમાં દરેક વર્ષની જેમ રાત્રીના સમયે ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ છે તો ભાગ લેવા ઇચ્છનાર દરેકે તૈયારી કરીને આવવું.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● શ્રોતા :—આત્મા માત્ર જાણનાર જ છે તો આમાં કાંઈ કરવાનું જ નહિ?

પૂજ્ય ગુરુદેવ :—અરે ભાઈ! આમાં તો પાર વિનાનું કરવાનું છે. દેહ આદિ પરદ્રવ્યો તરફ જે લક્ષ જાય છે તે લક્ષને જાણનાર એવા આત્માને જાણવામાં વાળવાનું છે. આત્માને જાણવામાં તો અનંત પુરુષાર્થ આવે છે. ૫૦૨.

પાણી અગ્નિને અડયું છે ને?–ના; તો પાણી અગ્નિના સંગમાં ઉષ્ણ તો થયું છે ને?–પાણી ઉષ્ણ થયું છે તે પોતાની પર્યાયની યોગ્યતાથી પોતાથી જ ઉષ્ણ થયું છે, અગ્નિના લઈને થયું નથી. પગ જમીન ઉપર રહેલો દેખાય છે ને? પણ તે પગ જમીનને અડ્યો નથી, જમીનના આધારે પગ રહ્યો નથી. પગ પગના–પોતાના આધારે રહ્યો છે. આહાહા! ગજબ છે ને! દેખાય જમીનને આધારે ને છતાં જમીનને અડતો નથી. જો પગ જમીનને અડે તો જમીન ને પગ બે એકરૂપ થવા જોઈએ પણ તે બન્ને વસ્તુ ભિન્ન ભિન્ન છે. વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા ચમત્કારિક છે. એક વસ્તુ બીજી વસ્તુને અડે કે કરે તો બે વસ્તુ જ રહે નહીં. ૫૦૩.

● યોગ્યતા, કાળલબ્ધિ, ક્રમબદ્ધ આદિ બધાનું જ્ઞાન દ્રવ્યદૃષ્ટિ કરતાં સાચું થાય છે. રુચિ રાખે પરમાં અને ક્રમબદ્ધ ને કાળલબ્ધિ ઉપર નાખે ઈ ન ચાલે. પોપાબાઈનું રાજ નથી. ૫૦૪.

● સમયસારનું–દ્રવ્યદૃષ્ટિનું વાંચે ને નિમિત્તો અને પર્યાયનો વિવેક ન રાખે તો મૂઢ થઈ જાય. ૫૦૫.

● શ્રોતા:—વાંચન–વિચાર આદિ શુભભાવો છઠ્ઠા ગુણસ્થાનવાળાને તો હેય છે પણ ચોથા-પાંચમાવાળાને તો નિર્વિકલ્પતા બહુ કાળે આવે છે તેથી તેને શ્રદ્ધામાં હેય છે પણ ચારિત્રમાં તો ઉપાદેય છે ને?

પૂજ્ય ગુરુદેવ:—ચોથા-પાંચમાવાળાને પણ શ્રદ્ધાન અને ચારિત્ર અપેક્ષાએ પણ હેય જ છે. એ પરિણામો આવે છે, હોય છે, પણ છે તો હેય જ! ૫૦૬.

❀

આત્મધર્મ
ડીસેમ્બર-૨૦૦૯
અંક-૪ * વર્ષ-૪

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## 卐 યથાર્થ વસ્તુસ્વરૂપ 卐

જુઓ, આ ક્રમબદ્ધપર્યાય તે વસ્તુનું સ્વરૂપ છે. જ્ઞાયકનો સ્વભાવ વ્યવસ્થિત બધું જાણવાનો છે ને જ્ઞેયોનો સ્વભાવ વ્યવસ્થિત ક્રમબદ્ધ નિયમિત પર્યાયે પરિણમવાનો છે. આ રીતે આમાં યથાર્થ વસ્તુસ્થિતિનો નિર્ણય આવી જાય છે. આથી વિપરીત માને તો તે વસ્તુસ્વરૂપને જાણતો નથી.

કોઈ એમ કહે કે ''નિશ્ચયથી તો પર્યાયો ક્રમબદ્ધ, પણ વ્યવહારથી અક્રમ''—તો તે વાત મિથ્યા છે.

વળી કોઈ એમ કહે કે ''કેવળીભગવાનને માટે બધું ક્રમબદ્ધ છે, કેમ કે તેમને તો ત્રણકાળનું પુરું જ્ઞાન છે. પરંતુ છદ્મસ્થને માટે અક્રમબદ્ધ છે, કેમ કે તેને ત્રણકાળનું પુરું જ્ઞાન નથી.'' તો એ વાત પણ ખોટી છે. એની માન્યતા કેવળી કરતાં વિપરીત થઈ. કાંઈ કેવળીને માટે જુદું વસ્તુસ્વરૂપ ને છદ્મસ્થને માટે બીજું એમ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org